* D C N - 1 6 0 1 0 1 0 2 0 1 0 2 0 4 0 2 *

**DCN-1601010201020402** Seat No. ______

# B. A. (Sem. II) (CBCS) (W.E.F. 2016) Examination

**July - 2022**

## Gujarati

*(Gujarati Vyakran, Sarjan-Lekhan Kaushal-2)*
*(Old Course) (Elective-1)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) પ્રશ્નપત્રનો સમય 2.30 કલાકનો રહેશે.
(2) પ્રશ્નના ગુણ સામેની બાજુ દર્શાવેલ છે.

1 નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : **14**

શિસ્તના બે પ્રકાર છે : સ્વયંશિસ્ત અને ફરજિયાત શિસ્ત. 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ધમધમ' એ ન્યાય મુજબ વિદ્યાર્થીઓ પર ફરજિયાત શિસ્ત લાદવામાં આવે છે, પરંતુ આજના જમાનામાં આવી શિસ્ત કારગત નીવડી શકે તેમ નથી. સ્વયંશિસ્ત કે સ્વૈચ્છિક શિસ્તના વાતાવરણમાં જ બાળકોનો સાચો વિકાસ થઈ શકે છે. ફરજિયાત પળાવવામાં આવતી શિસ્તમાં ભય હોય છે. સ્વયંશિસ્તમાં ભયને કોઈ સ્થાન હોતું નથી. વ્યક્તિઓ જાતે જ સમજી-વિચારીને શિસ્તનું પાલન કરે છે. આપણામાં સ્વયંશિસ્તની ભાવના કેળવાયેલી હશે તો અમેરિકા અને ઈંગ્લૅન્ડની જેમ આપણા દેશની પણ પ્રગતિ થઈ શકશે. શિસ્તના અભાવે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. શાળાઓમાં વિદ્યાર્થીઓની અનિયમિતતા, ઘોંઘાટ, માલ-મિલકતનું નુકસાન, હડતાલ, મારામારી વગેરે ગેરશિસ્તનાં જ પરિણામ છે. શિસ્તને સદ્‌વ્યવહાર સાથે ગાઢ સંબંધ છે. જ્યાં વિનય, વિવેક અને જવાબદારીની ભાવના છે ત્યાં શિસ્ત જળવાય છે અને વાતાવરણ સુખદ બને છે.

**અથવા**

પશ્ચાત્તાપ એ એક કિંમતી ધર્માનુભવ છે. જે વાસણ માટી કે રાખથી સાફ થતાં નથી તે જેમ તેજાબથી સાફ થાય છે ને કાટ બધો ઓગાળી કે બળી જઈ વાસણ ચળકવા માંડે છે, તેવી જ રીતે ધર્મજીવન પર બાઝેલી કેટલીયે શિથિલતા પશ્ચાત્તાપથી દૂર થઈ જાય છે અને માણસ એકાએક પલટો ખાય છે. ખરેખર પશ્ચાત્તાપની અસર તેજાબથી ઓછી નથી હોતી. સૃષ્ટિ માટે ને એમાંય માનવજીવન માટે ઈશ્વરની યોજના છે મંગળ ને પવિત્ર. એમાં ભંગાણ પાડી શકે માનવીની મૂર્ખાઈથી, પણ એ ભંગાણ પાછું સંધાય છે. માનવીના પશ્ચાત્તાપથી ને ઈશ્વરની અનહદ કૃપાથી. આખરે એની એ દિવ્ય યોજના આગળ ચલાવાની જ.

2 નીચેના 'બે' પૈકી કોઈ પણ 'એક' ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : 14

લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે કે ન કરે, મને શાબાશી આપે કે ન આપે, તોયે હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિના ઉચ્ચતમ ધોરણ મુજબ મારું એ કામ કરતો રહીશ. પરીક્ષા હોય કે ન હોય તો પણ હું સરખી રીતે વાંચીશ, કસોટીના ગુણ છેલ્લા પરિણામ માટે ગણાય કે ન ગણાય તોયે હું તે સરખી કાળજીથી લખીશ, ક્રિકેટ મેચ ટ્રોફી માટેની હોય કે ખાલી ''મૈત્રી રમત'' હોય તોયે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થળ વળતરની આશા નહીં, પણ મારા લાયક કામ કર્યાનો આત્મસંતોષ એ મારું પ્રેરકબળ હશે. મનના આ વલણને કલાકારો ''કલા ખાતર કલા'' કહે છે. પણ છે તો જુદી જુદી પરિભાષામાં એક જ સિદ્ધાંતના ભાષાંતર. કામને અર્થે જ કરેલું ઉત્તમ કોટિનું કામ. પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવાય છે. ચોખાના દાણા અક્ષત હોવા ઘટે. એ સારા દાણા ભેગો એક તૂટેલો હોય તો ''ચાલશે'' એમ માને તો સાચો પૂજારી નથી.''

**અથવા**

''પુસ્તક આધુનિક માનવીને આનંદ આપનાર સૌથી અને સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની સાથે એવી મહોબત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને ક્યારેક તો માત્ર પુસ્તક પાસે જ ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો, લાગણીઓ, ધબકારા, જ્ઞાન, માહિતી કંઈ કેટલુંય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો, સફર કરી શકો છો ? પુસ્તક એક જાદુઈ દીવો છે. દીવાની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકે નથી.

3 નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્ન મૂકી ફરીથી લખો : 14

એટલામાં એક દિવસ મારી પડોશમાં રહેતા ઊગતા કવિ ચિમનલાલ ગાંધી મારા માટે એક પુસ્તક લઇ આવ્યા એમણે કહ્યું આ બહુ સરસ પુસ્તક છે તમને ખુબ ગમશે એ પુસ્તકનું મન હતું કાલેલકરના લેખો એ મોટું દળદાર પુસ્તક હું જેમજેમ વાંચતો ગયો તેમ તેમ મારા જીવનમાં એક નવી જ રોશની પ્રગટતી ગઈ.

**અથવા**

3 વિરામચિહ્ન એટલે શું ? વિરામચિહ્નના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો. 14

4 તત્પુરુષ, દ્વંદ્વ અને કર્મધારય સમાસ ઉદાહરણ સહિત સમજાવો. 14

**અથવા**

4 ઉપપદ અને બહુવ્રીહિ સમાસની સદૃષ્ટાંત ચર્ચા કરો. 14

5 નીચેના ચાર પૈકી કોઈ પણ બે પ્રશ્નના માગ્યા પ્રમાણે ઉત્તર આપો : **14**

(1) નીચેના રૂઢીપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

(1) રામ રમી જવા.

(2) કાગનો વાઘ કરવો.

(3) રોદણાં રોવા.

(4) લીલી સૂકી જોવી.

(5) ઈડરિયો ગઢ જીતવો.

(6) સંઘ કાશીએ પહોંચવો.

(7) દૂધમાંથી પોરા કાઢવા.

(2) નીચેની કહેવતોનો અર્થ આપો :

(1) ઊંટના અઢારે વાંકા.

(2) કાંકરે કાંકરે પાળ બંધાઈ.

(3) ક્યાં રાજા ભોજ ને ક્યાં ગંગો તેલી.

(4) વાડ વિના વેલો ન ચડે.

(5) વાર્યા ન વરે તે હાર્યા વરે.

(6) સાપ ગયા ને લિસોટા રહ્યા

(7) સંપ ત્યાં જંપ.

(3) નીચેના રૂઢીપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો :

(1) ઊલટી ગંગા વહેવી.

(2) ચંદરવો બાંધવો.

(3) કેસરિયા કરવા.

(4) થોડા દિવસના મહેમાન.

(5) ધૂળ પર લીંપણ.

(6) નિશાન ચૂકી જવું.

(7) જીવતર પર થીંગડું દેવું.

(4) નીચેની કહેવતોનો અર્થ આપો :

(1) ભાવતું હતું ને વૈદે કહ્યું.

(2) પારકી આશા સદા નિરાશા.

(3) ભેંસ આગળ ભાગવત.

(4) મોરના ઈંડાં ચીતરવા ન પડે.

(5) નમે તે સૌને ગમે.

(6) પેટનો બળ્યો ગામ બાળે.

(7) રાત થોડી ને વેશ ઝાઝા.